નમસ્કાર ગાંધીનગર

પમરાટ

મારી સાથે એને કોઇ લગાવ નથી,
એના ચ્હેરા ઉપર કોઇ હાવભાવ નથી !
કે સંતાડેલી કોઇ લાગણી જ હશે -
બીજો કંઇ એવો કોઇ અભાવ નથી !

- પરેશ દવે.

પાથેય

- રમેશ ઠક્કર

રજૂઆતનો સમય

અભાવો પણ જીવંત રહેવાનું એક કારણ હોય છે..અતૃપ્તિ પણ એક આવરણ બની જાય છે..કશુંક ના પામ્યાનો રંજ..કશુંક રહી ગયાનો ખટકો જીવનભર અતૃપ્તિની એક અમીટ છાપ બનીને રહી જાય છે...યાદોના ઝરૂખેથી વિતેલી પળોને નીરખવાનીએક મજા હોય છે..છટપટાહટનો આ સિલસિલો સર્જકોને સતત જીવંત રાખે છે.સામાન્ય માણસ પણ આવું જ ઝંખતો હોય છે..ફરક એટલો કે એ વ્યકત નથી કરી શકતો. ફલેશબેકમાં વિતેલી જિંદગીને જોતાં ઘણું ના કરી શકયાનો અફસોસ અમુકને કોરી ખાતો રહે છે..કેટલુંક ચુકી ગયાનો અભાવ પણ પ્રભાવક પરિબળ છે..કશુંક ના પામી શકયાનો નિશ્વાસ હોય છે... પામવું એ જ ભલે પરિતૃપ્તિ નથી પણ ના મેળવ્યાની વ્યથા પણ ઉદાસીન કથા હોય છે..જિંદગી સાથે કરેલાં સમાધાન ક્યારેક સતામણી કરતાં હોય છે.

કેવી કેવી એષણાઓ ધરબાઇને પડી હોય છે ? લ્યો મારી જ વખત કરૂં.. એક ઘર હતું કામલપુર ગામમાં..બાપાની દુકાન હતી..જયાં એક મસ્ત આધુનિક ઘર બનાવવું હતું..જયાં વિશાળ ઝરૂખો હોય..એની વિશાળ છત ઉપરથી બનાસનો વિસ્તિર્ણ પટ નિહાળવો હતો.. પધ્ધતિસર ભણવું હતું..સફળ વ્યાવસાયિક બનવું હતું..લેખક બનવું હતું..એક લાયબ્રેરી બનાવવી હતી,અંગત..જયાં બેસી જગતભરના લેખકોને વાંચવા હતા..એક જબ્બરજસ્ત નવલકથા લખવી હતી..લાખો વાચકો હોય..પણ જિંદગી એમ ચીંધેલા નકશા ઉપર ચાલતી નથી..અજીબ તડપ હોય છે જિંદગીની..અહીં ન માગ્યે દોડતું આવે એવા મિથ્યા ખયાલો છે..માગે તો પણ કદીય ના મળે એવા મુકામો છે..!

બનાસના લપસણા પટની માફક જિંદગીનો પ્રવાહ પણ યદચ્છ ચાલતો હોય છે..એની મેળે લસરતો ભીની રેતની ચાદર જેવો..આ દોડ જેનું ગંતવ્ય રણની અફાટ પ્યાસ હોય છે..ઘણીવાર દરિયાની તલાશ તમને મરૂભૂમિ તરફ લઇ જાય છે...ઝાંઝવાં વચ્ચે ઝરણાં પામવાની ઝંખના એ શું હશે ? માણસની આંખમાં અનિમેષ તગતગતી આશાની લકીરો અને જળોની જેમ વિંટળાયેલાં અરમાનો પણ કેવાં કેવાં હોય છે.? માણસની આંખોનો વ્યાપ પણ કેટલો સિમિત હોય છે ?

ચંદ્રકાંત બક્ષી જાણે આપણી જ વાત લખે છે...'ભકિતગીતોના અંગ્રેજી અનુવાદ કરવા હતા..કૈકેયીની આંખે રામાયણ લખવાની ઇચ્છા હતી..કર્ણની આંખે મહાભારત જોવું હતું..એક સૂયોધન નામના પાત્રનું સર્જન કરવાની ઇચ્છા હતી..જગતભરના હિંદુઓનો એક વિરાટ ઇતિહાસ લખવો હતો..એલેક્ષ હેઇલીએ 'રૂટસ' લખ્યું છે એમ એક અસ્પૃશ્ય દલિતની છ પેઢીઓની નવલકથા સ્વરૂપે એક ગાથા લખવી હતી...'

અધુરપ એ પણ જીવનનું એક સ્વરૂપ છે..પ્યાસનો પણ કેવો વ્યાપ હોય છે..વસવસો પણ વલોપાતનો સહોદર બની જાય છે..તૃપ્તિ એ ગંતવ્ય નથી..અભાવ એ જ આમ તો પર્યાય હોય છે જીવનનો.. એટલે જ કદાચ 'ઘાયલ' કહે છે. 'અમને મળ્યો નહીં રજુઆતનો સમય નહીં તો મજાનો હોત મુલાકાતનો સમય'.

પુરસ્કારોમાં રાજકીય ગણિતશાસ્ત્ર અવાંછનીય

તંત્રીસ્થાનેથી...

ગુલામ નબી આઝાદને પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરાયા તે મુદ્દો કોંગ્રેસી વર્તુળોમાં ચકચાર જગાવી રહ્યો છે. વડાપ્રધાન સાથે સાનુકૂળ સંબંધો ધરાવતા આ સિનિયર કોંગ્રેસી નેતાને જી-૨૩ના અગ્રણી તરીકે એમની પોતાની પાર્ટી શંકાની નજરે જોતી રહી છે. આઝાદની લગોલગ કપિલ સિબ્બલ પણ પાર્ટીના નેતૃત્વ મુદ્દે પ્રશ્નો ઊઠાવતા રહ્યા છે. એમને આઝાદની કદર એમની પોતાની પાર્ટી નથી કરી શકતી એવો કટાક્ષ કરી રાષ્ટ્રીય સન્માન બદલ એમને અભિનંદન પાઠવ્યાં છે. જો કે સ્ટાર સ્ટાર પ્રચારક તરીકે વર્તમાન ચૂંટણીઓમાં આઝાદનું નામ સામે કરીને પાર્ટી હાઈકમાંડે બગડેલી બાજી સુધારવાની કોશિશ જરૂર કરી છે પણ મોદીના નેતૃત્વવાળી સરકાર જયારે કોંગ્રેસી નેતાને ઉચ્ચ રાષ્ટ્રીય સન્માનની નવાજે છે ત્યારે ગાંધી પરિવાર માટે એની પ્રતિક્રિયા આપવી અઘરી બની રહી છે. ખરું પૂછો તો રાષ્ટ્રીય સમ્માનમાં રાજકીય ગણિત ના જ શોભે. પરંતુ શરૂથી જ આવી પરંપપા પડી છે જે કોંગ્રેસી શાસન દરમિયાન વહાલાંદવલાંની રાજનીતિ રુપે પ્રગટતી રહી હતી. નહેરુ પરિવારને નહીં ગમતા રાષ્ટ્રીય મહાનુભાવો વર્ષો સુધી ઉપેક્ષિત રહ્યા જેનો લાભ વિપક્ષને ચૂંટણી મુદ્દા સ્વરુપે મળતો રહ્યો છે, પછી એ સરદાર પટેલ હોય, સુભાષચંદ્ર બોઝ હોય કે બાબાસાહેબ ભીમરાવ આંબેડકર હોય, ચૌધરી ચરણસિંહને 'ભારત રત્ન' ના બદલામાં જાટ વોટબેંક કબજે કરી શકાય એવું પાકા પાયે લાગશે ત્યારે વર્તમાન કેન્દ્ર સરકાર એની જાહેરાત પણ કરી દેશે એમાં શંકાને સ્થાન નથી. 'ભારત રત્ન' ફક્ત દિવંગત રાષ્ટ્રપતિઓ કે વડાપ્રધાનો માટે અનામત ન રહે એ દિશામાં પણ પહેલ થયેલી છે. ઉસ્તાદ બિસ્મિલ્લાં ખાં, લતા મંગેશકર અને સચિન તેંદુલકરને એવોર્ડ આપીને ચીલો ચાતરવામાં આવ્યો છે. સુલ્લાલક્ષ્મી જેવાં શાસ્ત્રીય ગાયકને 'ભારત રત્ન' મળે તે આવકાર્ય જ ગણાય પરંતુ વયોવૃદ્ધ બંગાળી ગાયિકા 'પદ્મશ્રી' નું પતાકડું ઉંમરનું બહાનું આગળ ધરીને ફગાવી શકે છે એની પણ નોંધ લેવી જોઈએ. એમને યોગ્ય જ કહ્યું છે કે નેવું વટાવ્યા પછી આવા સન્માનનો કોઈ અર્થ નથી. બહેતર છે કે એ કોઈ યુવા કલાકારને ફાળવાય. આપણા લોકપ્રિય સંત મોરારિ બાપુએ વર્ષો પૂર્વે 'પદ્મશ્રી' સ્વીકારવાની ના પાડેલી તે યાદ આવે છે. આ વર્ષે જાહેર થયેલ પુરસ્કારોમાં ક્રાંતિકારી વિચારો ધરાવતા સંત સ્વામી સચ્ચિદાનંદનો સમાવેશ થયો છે. એમને આ એવોર્ડ ઘણો વહેલો મળવો જોઈતો હતો - ખાસ તો જયારે એમને 'આ છેલ્લી ટ્રેન છે' જેવા પુસ્તક સાથે હિંદુ સમાજમાંથી વર્ણાશ્રમ વ્યવસ્થાની બદી નાબૂદ કરી છેવાડાના દલિત સમુદાયને એટ પાર આણવાની જરૂર હોવાથી અહાલેક જગાડી હતી ત્યારે. પરંતુ એમનો અભિગમ તડ ને ફડ વાળો હોઈ કોઈનું ધ્યાન એ મુદ્દા તરફ ગયું જ નહીં. નર્મદા આંદોલનમાં કોઈ પણ નેતા કરતાં વધુ સક્રિયતા સ્વામી સચ્ચિદાનંદે દાખવી હતી તે કોણ નથી જાણતું ? કેવડિયા ખાતે સરદારનું વિશાળકાળ સ્ટેચ્યુ મુકાવું જોઈએ એવું સૂચન પણ સૌ પ્રથમ સ્વામીજીએ જ કરેલું. વળી નિર્ભય બનીને એમને સરદાર પટેલનું સાચુ મૂલ્યાંકન કરી એમને મહાપુરુષોની યાદીમાં મૂક્યાં એટલું જ નહીં, ગાંધીની મર્યાદાઓ બતાવવાની હિંમત પણ કરી હતી. માલજીભાઈ દેસાઈને પદ્મશ્રીથી નવાજવા પાછળ એમના સમાજને રાજી રાખવાનો ઈરાદો હોઈ શકે છે, પણ એમની લોકસેવા અને શિક્ષણક્ષેત્રની પ્રવૃત્તિઓ એથી પણ મોટા પુરસ્કારની લાયકાત ધરાવે છે. ગુજરાતના રાજકારણમાં સુરત હવે ખૂબ અગત્યનો રોલ ભજવે છે. સવજી ધોળકિયાની સમાજસેવા કાલિલેદાદ છે. એમની કદર કરીને કેન્દ્ર સરકારે એક કાંકરે કેટલાં પંખી પાડી દીધાં છે એ તો ૨૦૨૨માં થનારી ગુજરાતની વિધાનસભાની ચૂંટણી વખતે સમજાશે. ખલીલ ધનતેજવી લોકપ્રિય શાયર ખરા, પરંતુ સાહિત્યમાં શાસ્ત્રીય માપદંડોમાં એ પહેલી હરોળનાં સાહિત્યકાર નથી ગણાયા. એમને મરણોત્તર એવોર્ડ આપી સરકારે એના 'સર્વધર્મ સમભાવ' નો ભાજપ બ્રાન્ડ પરિચય જરૂર પ્રસ્તુત કર્યો છે !

ઈમ્પલાન્ટ : (?) (શા માટે ઈમ્પ્લાન્ટ ?)

દંત-ચિકિત્સા
ડો. બિંદી મિહીર પંડ્યા

કુદરત તરફથી માણસને ખોરાક ચાવવા માટે, તેમના પાચન માટે, હસવા તથા બોલવા માટે ૩૨ દાંત રુપી વરદાન આપ્યું છે. તેમની કાળજીથી આપણે આપણા સ્વાસ્થ્યને સુદૃઢ બનાવી શકીએ છીએ.

પરંતુ કોઈકવાર અગમ્ય કારણોસર જેવા કે દાંતનું સડી જવું, પેઢાનાં રોગો, આકસ્મિક ઈજાના કારણે વ્યક્તિને દાંત ગુમાવવાનો વારો આવી શકે છે. મોર્ડન ટેકનોલોજીનાં કારણે હવેના સમયમાં દાંતને બચાવી શકવાની પદ્ધતિઓમાં ઉમેરણ થયા છે. જેમાં રૂટ કેનાલ, પોસ્ટ એન્ડ કોર, કેપીંગ વેગરે સામેલ છે. પણ જો આ પધ્ધતિઓથી પણ દાંતનો બચાવ શક્ય ન હોય.

તદુપરાંત વધતી જતી ઉંમરનાં લીધે પણ દાંત હલવા લાગી શકે છે. આ સંજોગોમાં ઈમ્પ્લાન્ટ ટેકનોલોજી આશીર્વાદરુપ સાબિત થઈ શકે છે.

જેમ ઈશ્વર તરફથી જડબાનાં હાડકામાં મૂળિયા વડે દાંત મજૂબાઈથી જોડાય છે. તેવી જ રીતે ઈમ્પ્લાન્ટ એ એક કૃત્રિમ મૂળિયા (સ્ક્રૂ)ની જેમ હાડકાંમાં ગોઠવાય છે. આ ઈમ્પ્લાન્ટની આજુબાજુ ઓસ્ટિઓજેનેસિસ (હાડકું બનવાની પ્રક્રિયા) શરૂ થઈ જાય છે, જે ઈમ્પ્લાન્ટ ને કુદરતી દાંત જેવી જ મજબૂતી બક્ષે છે અને ત્યારબાદ તે સ્ક્રૂ પર દાંત બેસાડવામાં આવે છે. આ પ્રક્રિયામાં સૌપ્રથમ જો સડેલો કે હલતો દાંત હોય તો તેને દૂર કરવામાં આવે છે. ત્યારબાદ એક્સરે (CBCT) (કોન બીમ કમ્પ્યુટેડ ટોમોગ્રાફી) દ્વારા હાડકાની ગુણવત્તા ચકાસવામાં આવે છે. ત્યારબાદ સર્જિકલ પ્રક્રિયા દ્વારા ઈમ્પ્લાન્ટ કે જે ટાઈટેનિયમ ધાતુનાં બનેલા છે; તેમને હાડકામાં બેસાડવામાં આવે છે. જો આવશ્યકત જણાય તો ઈમ્પ્લાન્ટ ને વધુ મજબૂતી આપવા માટે આર્ટિફિશિયલ બોન ગ્રાફ્ટ પણ મૂકવામાં આવે છે. ત્યારબાદ ચામડીને યોગ્ય સ્થાને ગોઠવી ટાંકા લઈ લેવામાં આવે છે.

દર્દીને આવશ્યક - સૂચનાઓ જેવી કે મોઢાની સાફસફાઈ જમવામાં કાળજી વગેરે આપવી અનિવાર્ય છે. લગભગ ૩-૪ મહિના પછી ઈમ્પ્લાન્ટની આજુબાજુ હાડકું યોગ્ય રીતે બની ગયા બાત તેની ઉપર દાંત મૂકવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવે છે. જેમાં સૌ પ્રથમ હીલીંગ સ્ક્રૂથી પેઢાને યોગ્ય આકાર આપવામાં આવે છે. ત્યારબાદ એબટમેન્ટ સ્ક્રૂ મૂકીને તમામ દાંત સહિત મોઢાનું માપ લઈને સ્ક્રૂ પર દાંત બેસાડવામાં આવે છે.

ઈમ્પ્લાન્ટ પર દાંતને તાત્કાલિક ધોરણે પણ બેસાડી શકાય છે. પરંતુ જો વધુ સમય હાડકું બનવાની રાહ જોવામાં આવે તો ઈમ્પાલન્ટ પર દાંતની મજબૂતાઈ વધારી શકાય છે. ઈમ્પ્લાન્ટ મૂકવાનો ફાયદો દર્દીને એ રહે છે કે, દર્દીનાં બીજા દાંતને કોઈ નુકશાન થવાની સંભાવના રહેતી નથી અને ઈમ્પ્લાન્ટ લાંબો સમય મોઢામાં ટકી રહે છે.

હવેનાં સમયમાં તો ન ફક્ત એક દાંત, પણ મલ્ટિપલ દાંતનું યુનિટ (બ્રીજ) તથા ફુલમાઉથ ઈમ્પ્લાન્ટ પણ શક્ય છે.

● શું ઈમ્પ્લાન્ટ બધા દર્દીઓ માટે શક્ય છે??

તો જવાબ હા છે. પરંતુ કેટલાંક દર્દીઓ જેવા કે હાઈ ટાઈપ-૨ ડાયાબિટીસ, ઓસ્ટિઓપોરીસીસ, રક્તવિકાર (બ્લીડીંગ ડિસઓર્ડર) માટે ઈમ્પ્લાન્ટ જે - તે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ પર નિર્ધારિત રહે છે.

આ ઉપરાંત ડાયાબિટીસના દર્દીઓમાં તો ફુલમાઉથ ઈમ્પ્લાન્ટની મદદથી દર્દીઓને પોચા ખોરાક પર આધાર રાખવો પડતો નથી; તેઓ આરોગ્યપ્રદ આહાર લઈ શકે છે, જેથી કરીને તેમનું સ્વાસ્થ્ય સારું રહે છે. વધુમાં ચોકઠાની જાળવણી માટે, સાફસફાઈ માટે જે કાળજી રાખવાની જરૂર રહે છે, જેમાં ઈમ્પ્લાન્ટમાં અન્ય પધ્ધતિઓની સરખામણીમાં ઓછી જાળવણીની જરૂર છે.

તો મિત્રો જો આપ પણ આપની કે આપનાં પરિવારજનો/મિત્રોની પડી ગયેલા દાંતની અને તેની સાથે સંકળાયેલ સમસ્યાઓથી માહિતગાર હો, તો અવશ્ય તમારા ડેન્ટિસ્ટની મુલાકા લો, તથા લેવડાવો. અને તેની સારવાર અવશ્ય કરાવો.

Shardhadeep Dental Team

દિન મહિમા

● ૧૭૮૦માં આ જ દિવસે કોલકાત્તાથી ભારતના સૌપ્રથમ સમાચારપત્ર બેંગાલ ગેઝેટના પ્રકાશનની શરુઆત થઈ અને ભારતમાં અખબાર યુગનો આરંભ થયો. જેમ્સ ઓગસ્ટ હીકી એના પ્રથમ તંત્રી હતા.

આજનું

ઔષધ

● લીમડાના રસમાં જૂની આમલી મેળવી પીવાથી કોલેરા મટે છે

ખડખડાટ

● પ્રશ્ન : તમે કયા સાબુથી ન્હાઓ છો?
ભૂરો : doux
પ્રશ્ન : એટલે એ કયો સાબુ?
ભૂરો : dove
પતવા આવ્યો એટલે Lux ની સાથે ચોંટાડ્યો છે.

આજનો

વોટ્સએપ

● સજ્જન વ્યક્તિની નિશાની છે કે તે હંમેશા માન જાણવે છે પોતાના વ્યક્તિત્વનું અને સામેવાળાના અસ્તિત્વનું.

આપણાં સંત સાહિત્યમાં ગંગાસતીની વાણી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ગંગાસતીની વાણી એ ખરા અર્થમાં આપણું લોક ઉપનિષદ કે ગ્રામ ઉપનિષદ છે. ગંગાસતીની વાણીમાં હિમાલયની ભવ્યતા તેમજ સમુદ્રની ગહનતા છે. ઉમદા વાતો આ મહાન સર્જકની વાણીમાં ઘણી સહજ, સરળ તથા સુવાચ્ય બની છે.

માર્ચ-૧૮૯૪માં આત્મજ્ઞાની ગંગાસતીએ મહાસમાધિ લીધી અને તે રીતે તેઓ પ્રમાણમાં નજીકના કહી શકાય તેવા કાળમાં થયેલા સમર્થ સર્જક તથા સંત છે. ભાવનગર જિલ્લાના પાલીતાણા નજીક આવેલા રાજપરા ગામમાં ગંગાસતીનું જન્મ થયો હતો. આપણાં સાંપ્રત કાળના સુવિખ્યાત સંત શ્રી મોરારીબાપુએ ગંગાસતીની ભૂમિમાં બેસીને માનસગાન કર્યું હતું તેની ચિર સ્મૃતિ અનેક લોકોના હૈયે આજે પણ અંકબંધ રહી છે. ભાવનગર જિલ્લાના જ ઉમરાળા તાલુકાના સમઢીયાળા ગામે જન્મેલા કહળસંગ સાથે ગંગાબાનું લગ્ન થયું હતું. ગંગાસતીને પાનબાઈ નામના સમવયસ્ક સખી હતા. બંને વચ્ચે અગાધ સ્નેહ હતો. આથી ગંગાબાના આગ્રહથી તેમજ પાનબાઈની સંમતિથી તે સમયની પ્રથા અનુસાર ગંગાબાના લગ્ન બાદ તેમની સાથે જ વસવાટ કરવા માટે પાનબાઈ જોડાયા હતા. ગંગાસતીના જીવન વિશે એક પોલીસ અધિકારીને છાજે તેવી સૂઝ તેમજ અભ્યાસુ વૃત્તિથી ગંગાસતીના જીવન પર સંશોધન કાર્ય થયું છે. નિવૃત ડી.આઈ.જી. મજબૂતસિંહજી જાડેજાના આ કાર્ય પરથી ગંગાસતીના જીવનને લગતી વાતો વિશેષ આધારભૂત બની છે.

ગંગાબાને બાળપણથી જ માતા-પિતાના ધાર્મિક સંસ્કારો વારસામાં મળ્યા હતા. સાધુ-સંતોને આવકાર તેમજ ગામડામાં ગવાતાં ભજનોની ઊંડી છાપ ગંગાસતીના બાળમાનસમાં ઝીલાઈ અને સ્થાયી થઈ હતી. ગંગાબાના લગ્ન જેમની સાથે થયા હતા તે કહળસંગ પણ અધ્યાત્મ પુરુષ હતા. સંતો-સિધ્ધોની સોબત એ તેમને મનથી ગમતી બાબત હતી. આથી ગંગામાં તથા કહળસંગનું લગ્નજીવન પણ શ્રદ્ધા, ભક્તિ તથા અવિરત નામસ્મરણના મજબૂત પાયા પર વિકસ્યું હતું. સાંસારિક ધર્મ તથા જવાબદારીઓનું વહન કરવા સાથે જ નિર્લેપતાના ભાવથી નામસ્મરણ કરવું એ સંતોનો સ્વભાવ છે.

કહળસંગના જીવનમાં બનેલી એક ઘટના નોંધાયેલી છે. સંતો કે ફકીરો સાથે જોડાયેલી કેટલીક ચમત્કારિક ઘટનાને સંબંધિત આ પ્રસંગ છે. સંતોના જીવનમાં આવી રહસ્યવાદી (સ્અજૈઇ) અનુભૂતિ થતી રહે છે તેમ કેટલાક પ્રસિદ્ધ સંતોના જીવનની ઘટનાઓ જોતા જણાય છે. રામકૃષ્ણ પરમહંસ પણ આવી ઘટનાઓ પૂર્ણતઃ તટસ્થતાના ભાવ સાથે આલેખે છે. આવી એક ઘટના કહળસંગના જીવનમાં અનાયાસે બને છે. કહળસંગે અખંડ તપ તથા સાધનાના પરિણામે કેટલીક આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી તેવી વાત અવારનવાર લોકચર્ચામાં આવતી રહેતી હતી. કહળસંગ કે ગંગાસતી જો કે આવી લોકચર્ચા કે પ્રશંસાથી દૂર રહેતા હતા. યોગાનુયોગ મૃત્યુના દ્વારે પહોંચેલી એક ગાયને તેમણે અંજલિ ભરીને પાણી છાંટ્યું અને ગાય પુનઃ ચેતનવંતી બની. પરંતુ આ ઘટનાથી કહળસંગે એક ચિંતા કે વ્યગ્રતાનો અનુભવ કર્યો. દુન્વયી સિદ્ધિના પરિણામે જાણ્યે અજાણ્યે પણ જે પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે તેનાથી જીવવું દુષ્કર બને છે તેમજ સાધનાના માર્ગમાં તેની ખલેલ પહોંચે છે. જાણતા કે અજાણતા એક છુપા અહંકારની લાગણી અંગે પણ કહળસંગ જાગૃત થયા. તેમણે ગંગાસતી સાથે ચર્ચા કરીને પોતાનો દેહત્યાગ કરવાનો નિર્યણ કર્યો. આધ્યાત્મની એક અનોખી ઊંચાઈને આંબી લીધા પછી જ એવો ક્રાંતિકારી નિર્યણ લેવો તે શક્ય બને છે. સ્વના વિસર્જનનો આ કપરો માર્ગ પસંદ કરીને કહળસંગ તેમજ ગંગામાંએ પોતાની સિદ્ધિઓ સાથે રહેલા દુન્વયી વિવેકનું મનોહર દર્શન કરાવ્યું. ગંગામાં પણ કહળસંગ સાથે જ સમાધિ લેવાની ઈચ્છા ધરાવતા હતા. પરંતુ પાનબાઈનો રડમસ ચેહરો તેમજ તેની જ્ઞાન પ્રાપ્ત કરવાની સાચી તલપને ધ્યાનમાં રાખી કહળસંગે ગંગામાને એક જવાબદારી આપી. ગંગાસતીએ પાનબાઈને પૂર્ણ આત્મજ્ઞાનનો પરિચય આપીને જ દેહત્યાગ કરવાનો વિચાર કરવો તેમ ગંગાસતીને કહળસંગે જણાવ્યું. ગંગાસતીએ આ આદેશનું અક્ષરસઃ પાલન કર્યું.

કહળસંગ બાપુની ઈચ્છા તથા આદેશ મુજબ ગંગાસતીએ સ્નેહ તથા કરુણાના ભાવ સાથે રોજે રોજ એક ભજન પાનબાઈને સંભળાવીને જીવનના અનેક રહસ્યો સમજાવ્યા. સામે જે પાનબાઈ રૂપી પાત્ર હતું તે પણ આવા ગંગાવતરણ માટે સક્ષ્ક્ષ હતું. સતી પાસેથી જ્ઞાન મેળવવાની અદમ્ય ઈચ્છાથી પાનબાઈએ ગંગામાના ભજનનો એક એક શબ્દ સાંભળ્યો તેમજ આત્મસાત કર્યો. બાવન દિવસ આ કમ ચાલ્યો. જાણે એક નૂતન ઉપનિષદનું નિર્માણ થયું. આ કાર્ય પૂરું કર્યા બાદ હવે વિદાયની ઉતાવળ હોય તેમ ગંગાસતીએ સમાધિ લીધી. એક ઉજવળ જ્યોતનું વિરાટ જ્યોત સાથે વિલીનીકરણ થયું. ગંગાસતીની સમાધિ પછી ત્રણ જ દિવસે પાનબાઈએ પણ મહા સમાધિ લઈ પોતાની જ્ઞાનયાત્રાની સમાપ્તિ કરી. સંત ત્રિપુટી સદાકાળ માટે અગામલોક વાસી થયા. પોતાનું જીવતર ઉજાળી ગયા. આજે પણ ગંગાસતીના અર્થસભર પદો એક અનોખા આદર સાથે ગવાય છે તથા ઝીલાય છે.

વચન વિવેકી જે નાર ને નારી
પાનબાઈ ! બ્રહ્માદિક લાગે તેને પાય રે...

વાતનો વિવેક એ પણ જીવનમાં કેટલું મહત્વનું છે તે વાત થોડા પણ સચોટ શબ્દોમાં ગંગાસતી કહી ગયા.

વીજળીના ચમકારે મોતીડાં
પરોવો પાનબાઈ ! અચાનક
અંધારા થશે રે....

સંસારની ક્ષણ ભંગુરતામાં દરેક ક્ષણને સાર્થક કરી લેવાની ગંગાસતીની આ વાત પણ કોઈપણ કાલે સાંપ્રત તેમજ અર્થસભર છે. ગંગામાની વાણી તેમજ તેમનું જીવન સમાજની સ્મૃતિમાંથી કદી વિસ્મૃત થઈ શકે તેવા નથી.

ગાંધીવિચાર એક અનોખો ઉપચાર

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન છે... શહીદ દિન તરીકે ઓળખાય છે..એ દિવસે મૌન થકી એમને યાદ કરવાનો ઉપક્રમ હોય છે..શહિદોની જે શહાદત છે એની સામે શબ્દોની અંજલિ હંમેશાં ટુંકી પડતી હોય છે..એમના જીવનના આદર્શો જીવનમાં ઉતારીએ તો જ એ સાચું તર્પણ ગણાય..ગાંધીજી તો શબ્દોના પણ સ્વામી હતા..સિદ્ધહસ્ત લેખક જેવી એમની શૈલી છે. એમણે જ કહયું છે 'મારૂં જીવન એ જ મારો સંદેશ'..કેટલી અદ્ભુત વાત !

'ઈશ્વર,અલ્લાહ તેરે નામ સબ કો સન્મતિ દે ભગવાન...' આવી ગળથૂથી ભારતના તમામ વિદ્યાર્થીઓને શાળા અભ્યાસ દરમિયાન મળી છે.આજે આખું જગત માણસજાતની સન્મતિ માટે ઝઝૂમી રહયું છે...! આ ખરેખર પડકાર છે.ગાંધીજીને માણસની 'સારપ'માં અતુટ આસ્થા હતી..મારા જેવા અનેકને ગાંધીમાં પારાવાર શ્રધ્ધા છે..એ કહેતા "મારા જેવા અનેકોનો ભલે ક્ષય થાય,પણ સત્યનો હંમેશાં જય થાય...' આવાં હજારો અવતરણો ગાંધીના જીવનને આજેપણ જીવંત રાખી રહયાં છે

પ્રાર્થના એ એમના માટે પ્રાણ હતો..ભારોભાર ઈશ્વર ઉપરની શ્રધ્ધા એમને હરપળે જીવંત રાખતી..એમનું એક વિધાન આ જ હકિકતના પુરાવા જેવું છે.

'ઈશ્વરે મારી પ્રાર્થનાનો જવાબ ના આપ્યો હોય એવું કયારેય બન્યું નથી..'.એક સાચો આસ્તિક જ આવો એકરાર કરી શકે. મહાત્મા ગાધીનું આ વાકય મને જીવનના કઠીન સંજોગોમાં ઔષધની માફક કામ લાગે છે..જીવનની હતાશામાં હું 'સત્યના પ્રયોગો' એકલખૂણે વાંચું છું. અને હતાશા જાણે પૌષ્ટિક ખોરાક બની જાય છે...આવો અનુભવ અનેક લોકોને થયો હશે.

ઇ.સ.૧૯૧૫માં એ દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવ્યા ત્યારે એ ૪૫ વરસના હતા..ભારત સદીઓથી ગુલામ હતું..બેહાલ હતું..ભારત વિશે ઘણુંબધું જાણવાનું બાકી હતું..બેરિસ્ટર મોહનદાસ કાઠિયાવાડી પોષાકમાં વતનની ધરતીને સ્પર્શી રહયા હતા..ભારતવર્ષમાં એક મહાત્માનો ઉદય થઈ રહયો હતો..ત્રીજા વર્ગના મુસાફર ગાંધીએ કરેલું ભારતદર્શન એ એમના જીવનનો સૌથી મહત્વનો પુરૂષાર્થ હતો...

અનેકવિધ જાહેર પ્રવૃત્તિઓ વચ્ચે પણ પોતાની માતૃભાષા માટેનો એમનો પ્રેમ આશ્ચર્યજનક છે..એ બને ત્યાં સુધી ગુજરાતીમાં જ લખતા અને બોલતા..એમની ગુજરાતી ભાષા એક અલગ ઓજસ ધરાવે છે..એમના આ લગાવ વિશે એ શું કહે છે ?

'માતૃભાષાની અવગણના કરવી એ પોતાની માતાની અવગણના કરવા બરાબર છે..' આવું એ દ્રઢપણે માનતા. અને એટલે જ એમણે પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો ' ગુજરાતીમાં જ લખી..

એમના મોટાભાગના જગવિખ્યાત લેખો ગુજરાતીમાં જ લખાયા છે... એ અંગ્રેજી સહિત અનેક વિદેશી ભાષાઓ ઉપર કાબુ ધરાવતા હતા પરંતુ માતૃભાષા માટેનો એમનો આ પ્રેમ હતો..આત્મકથા અત્યારે દુનિયાની ૩૧ ભાષાઓમાં અનુવાદિત થઈ છે. કાશ્મીરી ભાષામાં પણ મળે છે..મહાદેવ દેસાઈએ કરેલ અંગ્રેજી આવૃતિ પણ સરસ છે..નવજીવન ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૬૦ લાખ જેટલી એની નકલો વેચાઈ ગઈ છે, જે એક રેકોર્ડ છે..આપણને જાણીને નવાઈ લાગશે કે એ સૌથી વધુ કેરળમાં વેચાઈ છે..જેની સંખ્યા સાડા સાત લાખ નકલની છે..તમીલમાં સાત લાખ નકલો વેચાઈ છે..એ પછી હિન્દીમાં..અને આપણે ગુજરાતી લોકો સાતમા આઠમા કમે છીએ ગાંધીને વાંચવામાં...!

જહોન રસ્કિનનું 'અન ટુ ધીસ લાસ્ટ' એ પુસ્તક પોલોક નામના અંગ્રેજ મિત્રએ એમને આપ્યું. ચાલુ ટ્રેનમાં જ વાંચી નાખ્યું. બીજા સ્ટેશન સુધી પહોંચતાં ગાંધી ધરમૂળથી બદલાઈ ગયા..'પેસીવ રેઝીસ્ટન્સ' એ રસ્કિનના શબ્દને 'સત્યાગ્રહ' જેવી ગુજરાતી સુવાસ એમણે આપી.ગુજરાતના આદિકવિ નરસિંહમાંથી પ્રેરણા લઈ એમણે પીડ પરાઈ જાણવાની મથામણ શરૂ કરી. જગતને અહિંસાની શકિતનો પરિચય થયો..સ્વયંભૂ એમને માટે શબ્દ આવ્યો 'મહાત્મા' અને ભારતીયોના દિલમાં એ વસી ગયો...મોહનથી મહાત્મા સુધીની આ સફર લાખો લોકો માટે પથદર્શક રાહ છે. ગાંધી એક વિચાર છે..ધોરીમાર્ગ છે..ઉન્નત જીવન તરફ જવાનો..

આમ છતાં એમની નમ્રતા જુઓ.. 'સત્ય અને અહિંસા એ ભારતીય સંસ્કૃતિના પાયા છે..એ મારી શોધ નથી..મેં તો ફકત એની ઉપાસના કરવાનો પ્રયત્ન કર્યો છે..મને મહાત્મા કહી દોષમાં ના નાખશો...' પોતાના વિશે આટલા જાગૃત હોવું એ વ્યકિતત્વની ઉંચાઇ છે.લોકો એમને મહાત્મા તરીકે માનતા પણ ગાંધી એવો કોઇ ભાર રાખતા નહીં.

એમની મુડીમાં શું હતું ? મુઠ્ઠીભર હાડકાં..સાધારણ દેખાવ...બેરીસ્ટર છતાં મને પી.નોટ.શું છે એ ખબર ન હતી એવું નિખાલસ રીતે કહેનાર..ચાર્લી ચેપ્લિન કોણ છે ? એવું સહજપણે પુછનાર. ગાંધી મેટ્રિકમાં ફકત ચાલીસ ટકા માર્કસ લાવ્યા હતા..પરંતું રંભા નામની કામવાળીએ આપેલું 'રામ' નામનું ઓસડ એમને મહામાનવ તરફ લઈ ગયું. આ ગાંધીકથા છે.. આજના યુવાનો કે વિદ્યાર્થીઓ નાની નાની વાતમાં હતાશ થઈ જાય છે એમના માટે ગાંધી નામ એ રામ નામ જેવું જ અમોઘ નામ છે..

એમને સરદારની લોખંડી શકિતમાં અતુટ શ્રધ્ધા હતી,નેહરૂની વિદ્વતામાં વિશ્વાસ હતો..ઠક્કરબાપા કે રવિશંકર મહારાજની સેવામાં સધિયારો હતો... બાબાસાહેબ આંબેડકરની સંવેદના સ્પર્શતી હતી..મૌલાના આઝાદની કેળવણી કે કાકાસાહેબ કાલેલકરનો ભાષાવૈભવ કે મુનશીની અસ્મિતા એ તમામમાં દિલચસ્પી હતી..સુષુપ્ત ભારતને એક જબરજસ્ત સંચાર ગાંધી નામથી મળ્યો..જેનાં સ્પંદન આખા ઉપખંડના રી